આકાશવાણી ભુજ

સમાચાર વાચક : કૃપાલી મહેચ્છા

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારીખ:-27-11-2024 સમય:-સવારે 6.50 કલાકે

---

## ગોબરધન – ગ્રે વોટર

ગુજરાતના ગોબરધન અને ગ્રે વોટર મેનેજમેન્ટ પ્રોજેક્ટ માટે રાજ્ય સરકારને દિલ્હી ખાતે “**ISC-FICCI** સેનિટેશન એવોર્ડ - ૨૦૨૪” એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.

આજે **FICCI** ફેડરેશન હાઉસ, દિલ્હી ખાતે આયોજિત **ISC-FICCI** સેનિટેશન એવોર્ડની ૮મી આવૃત્તિમાં ગુજરાતને આ પુરસ્કાર અર્પણ કરવામાં આવ્યો છે.

આ અંગે ગ્રામ વિકાસ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર તરફથી ગ્રામ વિકાસ કમિશનર કચેરી દ્વારા ચાર કેટેગરીમાં નામાંકન કરવામાં આવ્યું હતું. એવોર્ડ કમિટી દ્વારા સરકાર માટે ખાસ સન્માન કેટગરી હેઠળ ગુજરાતના ગોબરધન અને ગ્રે વોટર મેનેજમેન્ટ પ્રોજેક્ટની પસંદગી કરી હતી.

શ્રી પટેલે જણાવ્યું કે, ગોબરધન યોજના હેઠળ ઘન કચરા વ્યવસ્થાપન માટે ગુજરાતમાં અત્યાર સુધીમાં કુલ સાત હજાર **411** બાયોગેસ પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવ્યા છે.

**RNU અમદાવાદ**

---

RNU BHUJ

# નમો લક્ષ્મી યોજના

નમો લક્ષ્મી યોજના' હેઠળ રાજ્યમાં અત્યાર સુધીમાં **10** લાખ વિદ્યાર્થીનીઓને **138** કરોડ રૂપિયાની સહાય આપવામાં આવી છે.

આ યોજના હેઠળ ચાર વર્ષ દરમિયાન ધોરણ **9**થી **12**માં ભણતી વિદ્યાર્થીનીઓને **50** હજાર રૂપિયાની આર્થિક સહાય આપવામાં આવે છે. આ વર્ષના બજેટમાં આ યોજના માટે **1250** કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.

ગુજરાત તેમજ કેન્દ્રીય શિક્ષણ બોર્ડ સંલગ્ન શાળાઓમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ આ યોજના માટે અરજી કરી શકે છે. જે માટે શાળામાં ધોરણ **8** પૂરું કરી અને ધોરણ **9**માં પ્રવેશ મેળવ્યો હોવો જોઈએ તેમજ પરિવારની વાર્ષિક આવક **6** લાખ રૂપિયા અથવા તેનાથી ઓછી હોવી જોઈએ.

રાજ્ય સરકારે આર્થિક કારણોસર પ્રાથમિક શિક્ષણ પછી અભ્યાસ છોડનાર, વિદ્યાર્થિનીઓનું સંપૂર્ણ શાળાકીય શિક્ષણ પૂર્ણ કરવાના હેતુથી નમો લક્ષ્મી યોજના શરૂ કરી છે.

આ તમામ પાત્રતા ધરાવતી વિદ્યાર્થિનીઓને ધોરણ **9** અને **10** પૂર્ણ કરવા પર **20** હજાર રૂપિયા આપવામાં આવશે. ધોરણ **12** પાસ થતાં ત્રીસ હજાર રૂપિયાની આર્થિક સહાય આપવાની જોગવાઈ છે. આ રીતે વિદ્યાર્થિનીઓને ચાર વર્ષમાં પચાસ હજાર રૂપિયાની આર્થિક સહાય આપવામાં આવે છે. આ માટે સરકારે 'નમો લક્ષ્મી પોર્ટલ' શરૂ કર્યું છે.

**RNU** અમદાવાદ

---

RNU BHUJ

## રણોત્સવ G.I. ટેગ

કચ્છનો રણોત્સવ દેશ-વિદેશમાં ખ્યાતી મેળવી ચૂક્યો છે. જેના કારણે જ દેશમાં યોજાતા વિવિધ સાંસ્કૃતિક અને સરકારી કાર્યક્રમોમાં રણોત્સવના દાખલા આપવામાં આવતા હોય છે. હાલમાં જ દિલ્હી હેન્ડલૂમ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલના સહયોગથી હેન્ડલૂમ ડેવલપમેન્ટ કમિશનર, ટેક્સટાઇલ મંત્રાલયના કાર્યાલય દ્વારા આયોજિત GI અને બિયોન્ડ સમિટ સંપન્ન થઈ હતી. જેમાં કેન્દ્રીય મંત્રીએ કચ્છના રણોત્સવની થીમ પર રાજ્યોએ GI ટેગવાળા ઉત્પાદનોના પ્રમોશન અને માર્કેટિંગ માટે વિશેષ ટ્રેડ ફેસ્ટિવલનું આયોજન કરવું જોઈએ તેવી અપીલ કરી હતી.

N.P/ કૃપાલી મહેચ્છા

---

## હવામાન

હવામાન વિભાગે આગામી સાત દિવસ દરમિયાન રાજ્યભરમાં વાતાવરણ સૂકું રહેવાની આગાહી કરી છે. હવામાન ખાતાના જણાવ્યા મુજબ આગામી ત્રણ દિવસ બાદ તાપમાનમાં એકથી બે ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની પણ સંભાવના છે.

દરમિયાન રાજ્યમાં છેલ્લાં **24** કલાક દરમિયાન સૌથી ઓછું **11.4** ડિગ્રી સેલ્સિયસ તાપમાન ગાંધીનગરમાં નોંધાયું હતું, તો જિલ્લાના નલિયામાં **13.8** ડિગ્રી ન્યુન્તમ ઉષ્ણતામન નોંધાયું હતું, કંડલામાં **18.9** ડિગ્રી અને ભુજમાં **17.9** ન્યુન્યનમ ઉષ્ણતામાન નોંધાયું હતું તો રાજ્યમાં **33.8** ડિગ્રી મહતમ ઉષ્ણતામાન સાથે ભુજ રાજ્યમાં સૌથી ગરમ મથક બન્યું હતું. જયારે નલિયા અને કંડલામાં મહતમ ઉષ્ણતામાન **33** ડિગ્રી નોંધાયું હતું. સવાર અને સાંજે ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. જયારે દિવસના ભાગે ગરમીના કારણે જિલ્લાં બેવડી રૂતુ અનુભવાઈ રહી છે.

N.P/ કૃપાલી મહેચ્છા

---

## શહીદ પરિવાર ફાળો

માતૃભૂમિના રક્ષણ કાજે શહીદ થતા શૂરવીર જવાનો અને તેઓના પરિવારજનો પ્રતિ સન્માનની લાગણી પ્રદર્શિત કરવા અને કલ્યાણકારી પ્રવૃત્તિઓને વેગ મળે તે માટે દીનદયાળ પોર્ટ દ્વારા રૂપિયા **14** લાખનો ચેક સશસ્ત્ર સેના ધ્વજદિન ફાળામાં અર્પણ કરવામાં આવ્યો હતો. ગત વર્ષે પણ રૂ. ૧૨ લાખની માતબર સહાય આ ફંડમાં પોર્ટ દ્વારા આપવામાં આવી હતી.

મા.ખા.

---

RNUBHUJ